www.kamalamgujarat.com

Tuesday
24.11.2020
✳Volume :5 ✳ Issue No. 100
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ સાંસદો માટે બનેલા બહુમાળી ફ્લેટનું ઉદ્‌ઘાટન કર્યું

# ૧૭મી લોકસભાએ ઘણા ઐતિહાસિક નિર્ણયો લીધા છે: પ્રધાનમંત્રી










કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સ મારફતે સાંસદો માટે બનેલા બહુમાળી ફ્લેટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ફ્લેટ નવી દિલ્હીમાં ડો. ડી બી માર્ગ પર સ્થિત છે. ૮૦ વર્ષથી વધારે જૂનાં આઠ બંગલોને તોડીને એના સ્થાને ૭૬ ફ્લેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સાંસદો માટે આ બહુમાળી ફ્લેટમાં ગ્રીન બિલ્ડિંગ એટલે કે પર્યાવરણને અનુકૂળ ફ્લેટના નિયમોને સામેલ કરવામાં આવ્યાં છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, આ નવા ફ્લેટ તમામ રહેવાસીઓ તથા સંસદ સભ્યોને સલામત અને સુરક્ષિત રાખશે. તેમણે કહ્યું હતું કે, સાંસદો માટે રહેઠાણ લાંબા ગાળાની સમસ્યા છે, પણ હવે એનું સમાધાન મળ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, દાયકાઓ જૂની સમસ્યાઓનું સમાધાન એને ટાળવાથી ન મળે, પણ આ માટે સમાધાનો શોધવા પડે. તેમણે દિલ્હીમાં આ પ્રકારના ઘણા પ્રોજેક્ટ વિશે જાણકારી આપી હતી, જે ઘણા વર્ષોથી અધૂરાં હતાં અને તેમની સરકારે પૂર્ણ કર્યા છે અને એ પણ નિર્ધારિત સમયમર્યાદા અગાઉ. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના શાસનકાળ દરમિયાન આંબેડકર રાષ્ટ્રીય સ્મારક વિશે ચર્ચા શરૂ થઈ હતી, પણ ૨૩ વર્ષના લાંબા વિલંબ પછી આ સરકાર દ્વારા સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રીય માહિતી પંચની નવી બિલ્ડિંગ, ઈન્ડિયા ગેટ નજીક યુદ્ધ સ્મારક અને રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું નિર્માણ એમની સરકારે કર્યું છે. આ તમામ પ્રોજેક્ટ લાંબા સમયથી વિલંબિત હતા. પ્રધાનમંત્રીએ ટીપ્પણી કરી હતી કે, તમામ સાંસદોએ સંસદની કામગીરી માટે કાળજી રાખી છે અને તેઓ સંસદની કામગીરીને નવી ઊંચાઈએ લઈ ગયા છે. તેમણે સંસદની કામગીરીને વધારે અસરકારક બનાવવા માટે કાર્યદક્ષ નેતૃત્વ પ્રદાન કરવા બદલ લોકસભાના અધ્યક્ષની પ્રશંસા કરી હતી.

તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે, રોગચાળાના સમયગાળા દરમિયાન પણ સંસદની કામગીરી જળવાઈ રહી છે, જેમાં નવા નિયમનો લાગુ કરવામાં આવ્યાં છે અને સાવચેતીનાં કેટલાંક પગલાં લેવામાં આવ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, સંસદના ચોમાસુ સત્રમાં બંને ગૃહોએ શનિવાર-રવિવારે પણ સરળતાપૂર્વક અને અસરકારક રીતે કામગીરી કરી હતી. તેમણે કહ્યું હતું કે, યુવાનો માટે ૧૬થી ૧૮ વર્ષની વય બહુ મહત્ત્વપૂર્ણ હોય છે. આપણે વર્ષ ૨૦૧૯ની ચૂંટણી સાથે ૧૬મી લોકસભાની મુદત પૂર્ણ કરી છે તથા આ સમયગાળો દેશની પ્રગતિ અને વિકાસ માટે ઐતિહાસિક રીતે મહત્ત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં ૧૭મી લોકસભાની મુદત શરૂ થઈ છે અને આ સમયગાળા દરમિયાન લોકસભાએ કેટલાક નિર્ણયો પહેલાથી લીધા છે, જેમાં લોકસભાએ હાથ ધરેલા કેટલાંક ઐતિહાસિક નિર્ણયો પણ સામેલ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી (૧૮મી) લોકસભા દેશને નવા દાયકામાં પ્રગતિના પંથે લઈ જવા માટે અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# પ્રધાનમંત્રીએ આસામના પૂર્વ મુખ્યમંત્રી શ્રી તરુણ ગોગોઈના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો






કમલમ દૈનિક,


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામના પૂર્વ મુખ્યમંત્રી શ્રી તરુણ ગોગોઈના અવસાન અંગે દુ:ખ વ્યક્ત કર્યું છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું, "શ્રી તરુણ ગોગોઈજી એક લોકપ્રિય નેતા અને પીઢ પ્રશાસક હતા, તેમની પાસે આસામ તેમજ કેન્દ્રમાં વર્ષોનો રાજકીય અનુભવ હતો. તેમના અવસાનથી દુ:ખી થયો છું. આ દુ:ખની ક્ષણમાં મારી સંવેદના તેમના પરિવાર અને પ્રશંસકો સાથે છે. ઓમ શાંતિ."

### 'કોવિડ કાળમાં મીડિયાની ભૂમિકા અને મીડિયા પર તેની અસરો પર તજજ્ઞ વક્તાઓ દ્વારા રસપ્રદ વાર્તાલાપ યોજાયો

# 'પ્રેસ ડે ના ઉપક્રમે પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વેબિનાર યોજાયો

## કોરોના કાળમાં લોકોના બેજવાબદાર વલણને સુધારવાનું કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે. ગાંધીનગર સિવિલના ડો. સેસિલ પરમાર





**જવાબદારી, જાણકારી, જિજ્ઞાસા, જહેમત અને જનૂનના પાંચ જ મંત્રને ધ્યાનમાં રાખવાથી અખબારી લેખનની ગહનતા અને વાંચન વિશાળતા વધશે**
**પ્રેસ અકાદમીના સચિવશ્રી પુલકભાઈ ત્રિવેદી**

કમલમ દૈનિક, ગાંધીનગર

'પ્રેસ ડેના ઉપક્રમે પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજે એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.'કોવિડ કાળમાં મીડિયાની ભૂમિકા અને મીડિયા પર તેની અસરો પર તજજ્ઞ વક્તાઓ દ્વારા રસપ્રદ વાર્તાલાપ આ વેબિનારમાં કરવામાં આવ્યો હતો.વર્ષ: ૧૯૬૬માં પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. તેની સ્થાપનાના ઉપલક્ષ્યમાં પ્રતિવર્ષ 'પ્રેસ ડેલ્ન નું આયોજન દેશભરમાં કરવામાં આવે છે. પ્રતિવર્ષ સેમિનારનું આયોજન કોઈ હોલ કે જાહેર જગ્યા પર પત્રકાર કે પત્રકારત્વના વિદ્યાર્થીઓને એક જગ્યા પર એકત્ર કરીને કરવામાં આવે છે. પરંતુ વર્તમાન કોરોનાની સ્થિતિમાં સોશિયલ ડીસ્ટન્સિંગ જળવાય તથા એકસાથે વધુ લોકોને સાંકળી શકાય તેવા ઉદ્દેશથી ટેકનોલોજીના સમન્વયથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સિવિલના ડો. સેસિલ પરમાર કે જેમણે કોરોનામાં મેડિસિનના કોમ્બિનેશનનો પ્રયોગ કર્યો હતો તેમણે કહ્યું કે, કોરોના ફેફસાં, કીડની અને હાથ-પગની નસોને પણ નુકસાન કરે છે. ત્યારે લોકો કોરોનાને ગંભીતાથી લે તે જરૂરી છે. તેમણે કહ્યું કે, કોરોના ગંભીર છે, તેના કરતા લોકોની બેજવાબદારી કે બેજવાબદાર પૂર્વકાનું વલણ વધુ જવાબદાર છે. આવા વલણોને સુધારવાનું કે તેની કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે. લોકો પાસે સંસાધનોની માહિતી પહોંચે તો લોકોની માનસિક તાણમાં પણ ઘટાડો થશે.તેમણે કહ્યું કે, કોરોના વિશેની સમજણ જેટલી લોકોમાં વધશે તેટલી જ તેની તિવ્રતા ઘટશે. ચેતતા નર સદા સુખીના ન્યાયે કોરોના બાબતે નિષ્કાળજી ભયંકર પરિણામ લાવી શકે છે. તેમણે વેબિનારમાં પૂછાયેલાં માનસિક તાણ વિશેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, લોકોમાં જેટલી કોરોના વિશેની જાગૃતિ હશે તેટલો જ કોરોનાનો હાઉ ઓછો થશે અને તેની માનસિક તાણમાં પણ ઘટાડો થશે. પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવશ્રી અને માહિતી ખાતાના અધિક માહિતી નિયામકશ્રી પુલકભાઈ ત્રિવેદીએ 'પ્રેસ ડેલ્ન ની શુભકામના પાઠવતા વેબનારની શરૂઆત કરાવતાં જણાવ્યું કે, 'પ્રેસ ડેલ્ન ની ઉજવણી પ્રેસની આઝાદી અને પ્રેસના ઉત્તરદાયિત્વને પ્રતિધ્વનિત કરે છે.તેમણે કહ્યું કે, કોરોનાથી સમગ્ર વિશ્વ પ્રભાવિત છે, તેનાથી મીડિયા પણ બાકાત નથી. મીડિયા સમાજને જાગૃત કરવાનું સશક્ત અને સબળ માધ્યમ છે, ત્યારે કોરોનાના આ સમયમાં મીડિયાની જવાબદારી વિશેષ વધી જાય છે.જવાબદારીપૂર્વકના અખબારી લેખન વખતે જો જવાબદારી, જાણકારી, જીજ્ઞાશા, જહેમત અને જનૂનનું ધ્યાન રાખવામાં આવે તો લખાણની ગહનતા અને ઊંડાણ વધવા સાથે વાંચનની વિશાળતા પણ ચોક્કસ વધી જાય છે તેમ પાંચ 'જલ્ન નો મંત્ર આપતા તેમણે કહ્યું કે, પત્રકાર તરીકે સામાન્ય માણસ કરતા વધુ સજ્જતા, સમાજ માટેની સંવેદનશીલતા, ખંતથી મહેનત સાથેની વિશ્લેષણયુક્ત માહિતીથી લોકોને વધુ જાગૃત કરવા માટે પત્રકારોની કોરોનાના આ સમયગાળામાં ખૂબ જરૂર છે. તેમણે ઉમેર્યું કે, કોરોના થાય તો શું કરવું? તેની સારવાર ક્યાં થઈ શકશે? વગેરે પ્રશ્નો વિશેની સ્રોત સાથેની માહિતી સમાજ સમસ્ત સુધી પહોંચે તે માટે આધારભૂત માહિતી, જરૂરી

### કોરોના થયા પહેલાંની આગોતરી જાણકારી જ તેનું મારણ છે – નિષ્ણાત તજજ્ઞો

ડેટા, સંદર્ભ અને ચાર્ટ સાથેની માહિતી સમાજને મળે તો તે ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.આ સમયગાળામાં પત્રકારત્વ જગત સાથે માહિતી ખાતાના કર્મયોગીઓએ પણ પોતાની જાતની પરવા કર્યા સિવાય જે કામથી કર્મયોગ કર્યો છે કે તેની તેમણે સરાહના કરી હતી. વરિષ્ઠ પત્રકારશ્રી ભાર્ગવભાઈ ત્રિવેદીએ કોરોનાના કાળમાં માહિતી ખાતા તરફથી કોરોના તથા કોરોનાની કાળજી માટે અઢળક સ્ટોરી થઈ છે. મીડિયાએ પણ તેના આધારે અનેક સ્ટોરી આગળ ધપાવી છે.તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે, સિવિલના માનસિક સારવાર વિભાગની સ્ટોરીને પાંચ લાખ કરતાં વધુ હીટ મળી હતી. જે બતાવે છે કે સારી સ્ટોરીને લોકો રસપૂર્વક વાંચે છે અને તેની લોકો પર અસર હોય છે. તેમણે બદલાઈ રહેલી તરાહ તથા વિદેશમાં તેના પર થઈ રહેલા સંસાધનોનો આપણાં દેશમાં કેવી રીતે સાયુજ્ય સાધીને ઉપયોગ થઈ શકે તે પ્રકારના સંશોધનાત્મક લેખોનીઅનિવાર્યતા તથા અગત્યતા વ્યક્ત કરી હતી. દુનિયામાં રિએક્ટ-૨, વાયરલ પ્રોટીન પર કામ થઈ રહ્યું છે. તો તેની સરળ ભાષામાં સમજૂતી આપતી સ્ટોરીથી લોકોના માનસિક પરિતાપ ઘટાડવામાં મદદ મળશે તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વના વિભાગના અધ્યાપિકા શ્રીમતી પુનિતાબેન હર્ણેએ મુદ્રિત તથા ઈલેક્ટ્રોનિક માધ્યમોની હકારાત્મકતા, નકારાત્મકતા, વલણ વિશેની વિશદ ચર્ચા કરી માધ્યમોને માહિતીથી ભરી દેવા કરતા વિઝ્યુઅલ ઈફેક્ટથી વધુ સરળતાથી સમજૂત કરી શકાય છે તેની ઉપયોગીતા વર્ણવી હતી. સાર્વજનિક કોલેજ મહેસાણાના એમ.એસ.ડબલ્યુ. વિભાગના અધ્યાપિકા શ્રીમતી ક્રાંતિબેન ત્રિવેદીએ મીડિયાના મિત્રો 'વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનલ્ન મીડિયા માટે જણાવેલી માર્ગદર્શિકાનું પાલન કરે અને પોતાને સુરક્ષિત રાખે છે તેની વર્તમાન સમયમાં ખૂબ જરૂર છે તેની અગત્યતા વર્ણવી લોકો સામાજિક અંતર જાળવે, ખોટી અફવાઓથી દૂર રહે તે જરૂરી છે તેમ જણાવ્યું હતું. દેશને બચાવવાના લોકડાઉન જેવાં ઉપાયોની અનિવાર્યતા વર્ણવી લોકો પણ સ્વયંભૂ તેનું પાલન કરે તે માટે મીડિયાની ખૂબ મોટી ભૂમિકા રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. અમદાવાદના નાયબ માહિતી નિયામકશ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાયે કોરોનાની વિભિષિકા તથા પોતે તેનાથી સંક્રમિત થયા પછી પોતાની હકારાત્મક માનસિકતા વિશે જણાવી 'મને કંઈપણ થઈ શકે છે૪ અને કોરોના થયાં પછી મને કંઈ નહીં થાયલ્ન તે વચ્ચેની યાત્રા યાતના ન બની રહે તે માટે હકારાત્મક માનસિકતા ખૂબ જરૂરી છે તેના વિશે સમજણ આપી હતી.પ્રાદેશિક કક્ષાના આ વેબિનારમાં પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના નિયંત્રણ હેઠળના મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, બોટાદ, ભાવનગર, પાટણ સહિતના જિલ્લાના પત્રકારશ્રીઓ, પત્રકારત્વના વિદ્યાર્થીઓ તથા માહિતી ખાતાના અધિકારીઓ- કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

# જામખંભાળીયામા અદ્યતન ગાર્ડન નુ લોકાર્પણ કરતા સાંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ







કમલમ દૈનિક, જામનગર

જામનગર પાસેના અને ૧૨-જામનગર સંસદીય ક્ષેત્રના દેવભૂમિદ્વારકા જિલ્લાના મથક જામખંભાળીયામા નગરપાલિકા દ્વારા નિર્મિત અદ્યતન ગાર્ડન નુ સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ ના વરદ હસ્તે લોકાર્પણ કરવામા આવ્યુ હતુ. સરકારશ્રીની ૧૪માં નાણાપંચની ગ્રાન્ટ હેઠળ દેવભૂમી દ્વારકા જિલ્લાનાં વડા મથક જામખંભાળિયા માં,નગરપાલિકા દ્વારા,અદ્યતન બનાવવામાં આવેલ ગાર્ડનને, નગરપાલિકા પ્રમુખ શ્રી શ્ર્વેતાબેન શુક્લ,જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ખીમભાઈ જોગલ, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકા ટીમ,શહેર સંગઠન ટીમ, હોદેદારશ્રીઓ, આગેવાનશ્રીઓની ઉપસ્થિતિમાં, લોકાર્પણ કરતી વખતે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંસદસભ્યશ્રી પૂનમબેન માડમ એ,નગરજનોને સુખાકારીની વધુ એક સુવિધાના અભિનંદન પાઠવ્યા અને"ગ્રીન ઈન્ડીયા"સાર્થક કરવાની દિશામા જાગૃતિ સાથે જાળવણીનું આહવાન કર્યુ હતુ. સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમના વરદ હસ્તે થયેલા આ લોકાર્પણ થી નગરજનોને સુવિધાસભર ગાર્ડન મળ્યુ છે

જેમાં બાળકોના રમતગમત માટે બાળક્રીડાંગણ, ટોઈલેટબ્લોક, ધ્વજવંદન પરેડ માટેનું ગ્રાઉન્ડ, વોલીબોલ- બેડમિન્ટન વિગેરે માટેનું પ્લેગ્રાઉન્ડ, બેસવા માટે સ્ટેપ સીટિંગ, ફેમિલી પ્લેસ, ઉપરાંત લાઈટિંગ સાથેના ફાઉન્ટેન એન્ડ બંગલો, વોકિંગ ટ્રેક, સાઉન્ડસિસ્ટમ, તથા ટ્રેક પર રબર કાર્પેટ સહિતની વિવિધ સુંદર અને આધુનિક સુવિધાઓ કરવામાં આવી છે જે નગરજનો માટે નઝરાણુ બની રહેશે.

## તંત્રી સ્થાનેથી......

માનવજીવનમાં જો કોઈ મોટું સુખ હોય તો તંદુરસ્તી અને સ્વાસ્થ્ય સુખ છે. જેમનું તન-મન સ્વસ્થ તેમનું જીવન સફળ. તિજોરીમાં પડેલા સોના-ચાંદી અને પૈસાથી પણ વિશેષ છે રોગમુક્ત અને રોગપ્રતિકાર શક્તિથી ભરેલું નિરામય સ્વાસ્થ્ય. જેની પ્રતીતિ આપણને કોરોનાના કહેરએ બહુ સારી રીતે કરાવી દીધી છે. પરંતુ દુઃખની વાત એ છે કે, આપણે આ સમજદારીને જાળવી રાખવામાં ઢીલાશ અને થોડી ગફલત કરી રહ્યા છીએ. જિલ?લામાં કોરોના ફરી હાવિ થાય તે પહેલા જ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનનું પાલન કરીએ અને સાથ - સહકારથી કોરોનાનો સફાયો કરીએ. દરેક નકારાત્મક પરિસ્થિતિની નબળી કડી તેના નિવારણ માટેનું પ્રથમ પગલું હોય છે. તેથી જો કોરોના પોઝીટીવ આવીએ તો ગભરાયા વિના તેને નેગેટીવ કરવા આપણે પોઝીટીવ રહેવાનું છે. તો ચાલો, કોરોનામુક્ત રહેવા માટે અને તન-મનની સ્વસ્થતા માટે રોજીંદા જીવનમાં આપણે સૌ આટલી વસ્તુ અવશ?ય કરીએ. જ્યાં સુધી કોરોનાની વેકસીન નથી આવી ત્યાં સુધી તેના મજબૂત શસ્ત્ર તરીકે ફરજિયાત માસ્ક પહેરીએ અને જે નથી પહેરતા તેમને સમજાવી માસ?ક પહેરતાં થાય તેમ કરીએ આ ઉપરાંત વારંવાર સાબુ/સેનેટાઈઝરથી હાથ ધોતા રહીએ અને જરૂરી સોશિયલ ડિસ?ટન?સીંગનું પાલન કરીએ. જયારે આયુષ મંત્રાલયએ આપેલા સુચન મુજબ પરિવાર સાથે ઉકાળાનું સેવન કરીએ. ડોક્ટર્સની સલાહ અનુસાર ઝીંક અને વિટામીનની સ્વાસ્થ્યવર્ધક દવાઓ લઈએ. મનને ખુશ રાખવા માટે ગમતી પ્રવૃતિઓ કરીએ. જેમ કે, હળવું સંગીત સાંભળીએ, યાદશક્તિ વધે તેવી ગેમ રમીએ અને સકારાત્મકતા સાથે જ્ઞાનમાં વધારો થાય તેવા પુસ્તકોનું વાંચન કરીએ. મનમાં ચેતનાનો સંચાર કરવા યોગ-ધ્યાન ખુબ લાભદાયી છે. દીર્ઘાયુ જીવન અને શારીરિક સ્વાસ્થ્ય માટે યોગાસનો અસરકારક છે. મનના તણાવને દૂર કરવા માટે અનુલોમ-વિલોમ, ત્રિકોણાસન અને હલાસન કરવું. તેમજ શિયાળો એટલે ગુણકારી એવા લીલોતરી શાકભાજીની સીઝન. તેથી ભોજનમાં લીલોતરી શાકભાજી લઈએ કે જેથી શરીરને જરૂરી વિટામીન્સ મળી રહે. સાથો સાથ વિટામીન-સી યુક્ત ફળ-ફળાદિનો પણ ઉપયોગ કરીએ. આજે વિશ્વનો દરેક નાગરીક આ મહામારી સામે લડાઈ લડી રહ્યો છે. કોરોના વોરીયર્સ રાત-દિન લોકોની સેવા-સુશ્રુષા કરી રહ્યા છે. કોરોનાનો ખાતમો ત્યારે જ બોલાવી શકીશું જ્યારે આપણે આપણા તેમજ અન્યોના આરોગ્ય માટે સાવચેતી અને તકેદારીના પગલાઓનું પાલન કરીશું. આ સમય છે સોશ્યિલ ડીસ્ટન્સ રાખીને સાથે રહેવાનો, કારણ વગર બહાર જવાનું ટાળવાનો, વડીલો-બાળકોનું ખાસ ધ્યાન રાખવાનો, આ સમય છે સમજદાર નાગરિક બની સરકારને મદદરૂપ થઈને મહામારીને પરોક્ષ રીતે રોકવાનો. તો ચાલો આજથી જ આપણે સૌ એક જાગૃત નાગરીક બની કોરોનાને હરાવવાના સરકારના આ ભગીરથ કાર્યમાં લાગી જઈએ. અને કોરોનામુકત સમાજનું નિર્માણ કરીએ.

### કોવીડ-૧૯માં સતત સાતત્યપૂર્વક માનસ બદલવામાં મીડિયા ઉપયોગી

# લોકમાનસમાં જવાબદારીપૂર્વક લોકમત ઘડવામાં મીડિયાની ભૂમિકા મહત્વની–શ્રી વી.એસ.ગઢવી

### ધ રોલ ઓફ ધ મીડિયા ડ્યુરિંગ ધ કોવીડ–૧૯ પેન્ડેમીક એન્ડ ઈટ્સ ઈમ્પેક્ટ ઓન મીડિયા




કમલમ દૈનિક,હસુ ઠક્કર

મીડિયા લોકમત ઘડવાનું મહત્વનું કામ કરે છે લોકો સુધી વાત પહોંચાડવાનું તેમજ ખોટી અફવાઓ અને માન્યતાઓ દુર કરવાનું કામ મીડિયા કરે છે. નવરાત્રિ હોય કે લગ્ન પ્રસંગ નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ અનુસરવાનું માત્ર કાયદાથી નહીં પણ અખબારો દ્વારા ઉભા કરાયેલા લોકમતના માનસથી પણ શકય બન્યું છે. કોવીડ-૧૯માં મીડિયાએ મહત્વની ભૂમિકા ભજવી છે એમ રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે યોજાયેલા વેબિનારમાં શ્રી વી.એસ.ગઢવીએ ચાવીરૂપ પ્રવચનમાં કહયું હતું. ધ રોલ ઓફ ધ મીડિયા ડયુરીંગ ધ કોવીડ-૧૯ પેન્ડેમીક એન્ડ ઈટ્સ ઈમ્પેકટ ઓન મીડિયા વિષય પર રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે આજરોજ વેબિનાર યોજાયો હતો. ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ભુજ-કચ્છના સંયુકત ઉપક્રમે ૧૬ નવેમ્બર રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે યોજાયેલા વેબિનારમાં જિલ્લાના વિવિધ મીડિયાના મીડિયાકર્મીઓ ઉત્સાહભેર જોડાયા હતા. પૂર્વ માહિતી કમિશનરશ્રી અને ગેમ્સના ડાયરેકટરશ્રી વી.એસ.ગઢવીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલા આ વેબીનારમાં શ્રી ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, ''આફતો અને કોવીડ-૧૯ પેન્ડેમીકમાં મહત્વનો રોલ ભજવતા મીડિયાકર્મીઓ, માહિતી ખાતું, આકાશવાણી અને સંકળાયેલા તમામને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, લોકમાનસમાં જવાબદારીપૂર્વક લોકમત ઘડવામાં મીડિયાની ભૂમિકા મહત્વની રહી છે. કોવીડ-૧૯માં સતત સાતત્યપૂર્વક માનસ બદલવામાં મીડિયા ઉપયોગી છે. ભૂકંપ હોય કે કુદરતી આફત કે રોગ પુનર્વસન માટે જનમાનસ બદલવા સતત સાતત્યપૂર્ણ રોલ મીડિયા સરકારની સાથે રહી ભજવે છે તેમના સાધન, શકિત અને સુઝના ઉપયોગનો ઉલ્લેખ કોવીડ-૧૯નો ઈતિહાસ લખાશે ત્યારે પણ કરાશે એમ શ્રી ગઢવીએ કહયું હતું. આકાશવાણી, ભુજના કાર્યક્રમ અધ્યક્ષશ્રી જયેશભાઈ રાવલે પણ કોવીડ-૧૯માં સંકળાયેલા તમામ વોરિયર્સને વધાવવાનું હકારાત્મક વલણ મીડિયાએ અપનાવ્યું છે. તે ઉદાહરણ સહિત રજુ કર્યુ હતું. તસવીર સહિતના સમાચારોથી જનસંવેદના જગાડી લોકોને મદદ કરવા સરકાર અડીખમ છે તેમ એમણે જણાવ્યું હતું. માત્ર ખામીઓ જ નહીં ખુબી ભરેલા સમાચારો તરફ જનમાનસને દોરવાનું કામ પણ મીડિયાએ કર્યુ છે તેમજ આવનારા સમયમાં મીડિયા સમક્ષ કોવીડ-૧૯ સંદર્ભે ઉભા થનારા પડકારનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. સમગ્ર વેબિનારનું સંચાલન પૂર્વ સહાયક માહિતી નિયામકશ્રી શાંતિલાલ સોનીએ કર્યુ હતું. ૧૬ નવેમ્બર ૧૯૬૬ થી યોજાતા આ ૪૪ માં રાષ્ટ્રીય પ્રેસડે ની વિગતે પૂર્વભૂમિકા આપતાં તેમણે પ્રેસની અભિવ્યકિતની આઝાદીની ઉજવણી અંગે ઉલ્લેખ કર્યો હતો. નાયબ માહિતી નિયામકશ્રી મિતેશ મોડાસીયાએ આ વેબિનારમાં ભાગ લેનારા તમામ મીડિયાકર્મીઓ, અધિકારીઓ અને વિધાર્થીઓનો આ તકે આભાર માન્યો હતો.

# અરવલ્લી ના મેઘરજ તાલુકામાં તળાવો ના તળીયા દેખાયા

### મેઘરજ તાલુકામાં સૌથી ઓછા વરસાદ ને લઈને ભર શિયાળે પાણીની તંગીના એંધાણ



કમલમ દૈનિક, અરવલ્લી

મેઘરજ તાલુકામાં ચોમાસુ સિજનો સૌથી ઓછો વરસાદ વરશ્યો હોવાથી અત્યાર થીજ નદી ચેકડેમ અને તળાવોમાં તળીયા દેખાતાં ભર શિયાળે તાલુકામાં પાણીની સમશ્યા સર્જાય તેવા એંધાણ દેખાઈરહ્યાછે. મેઘરજ તાલુકામાં ૧૨૯ ગામડા ઓમાં નાના મોટા ૧૬૧ જેટલા તળાવો અને ૪૪ જેટલા ચેકડેમ આવેલાછે જેમાં મેઘરજ તાલુકાની જીવાદોરી સમાન વાત્રક નદીમાં પણ થોડા દીવસોમાં પાણી વહેતુ બંધ થઈજાયતેમછે તાલુકાના મોટા ભાગના ચેકડેમો તેમજ તળાવોના તળીયા દેખાવા લાગ્યાછે જેથી મેઘરજ તાલુકામાં ભર શિયાળે પાણીની તંગી વર્તાય તેવુ દેખાઈરહ્યુછે.

મેઘરજ તાલુકામાં ઘઉંનુ વાવેતર મોટા પ્રમાણમાં થઈરહ્યુછે જો ભરશિયાળે વાત્રક નદીમાં પાણી વહેતુ બંધ થઈજાય અને તળાવો અને ચેકડેમો ખાલી થઈજાયતો ખેડુતોને ઘઉંના પાકમાં સિંચાઈ કરવી અને પાક બચાવવામાં મુશ્કેલીયો સર્જાઈશકે તેમછે સરકાર દ્વારા વૈડી ડેમ ભરવાની જોગવાઈ કરવામાં આવે અને તે પાણી શિયાળામાં વાત્રક નદીમાં છોડાય તો મેઘરજ અને માલપુર તાલુકાના ખેડુતો ને કુવા અને બોર ના તળ ઉનાળામાં પણ ઉપર રહે અને ખેતી અને પીવાના પાણીની સમશ્યાનો કાયમી અંત આવીશકે તેમછે

# રાજકોટ જિલ્લાની જનતા જનાર્દનને જિલ્લા ભાજપની અપીલ



કમલમ દૈનિક,

રાજકોટ જિલ્લાની તમામ જનતા જનાર્દનને વંદન સાથે જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રીશ્રી ભાનુભાઈ મેતા, જયંતીભાઈ ઢોલ, ડો.ભરતભાઈ બોઘરાએ અનુરોધ કર્યો છે. સંક્રમણને રોકવું તે આવશ્યક છે એટલા માટે આપ સૌને અપીલ કરીએ છીએ કે રાત્રી કર્ફ્યુના નિયમોનું પાલન કરીએ અને જરૂરી આવશ્યકતા વગર બાર નીકળશો નહીં, સરકારના નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરીએ અને કરાવીએ વધુમાં જિલ્લાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સ્થાનિક પ્રશાસનને સહકાર આપશો નિયમોનું આપણે તો પાલન કરીએ અન્યને પણ પાલન કરાવશો બહાર નીકળીએ ત્યારે માસ્ક ફરજીયાત પહેરશો તેમ અંતમાં જણાવેલ હતું..

# ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે Play At Home વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે

### જૂનાગઢ જિલ્લામાં તા.૨૩ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર સુધી અને રાજયકક્ષાની તા.૧૯ ડિસેમ્બરના યોજાશે

કમલમ દૈનિક, જૂનાગઢ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજિત જિલ્લા રમત ગમત અધિકારી કચેરી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ સંચાલિત **"Play At Home"** વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાનાર છે. હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતાં સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતાં ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩'' ટ ૧૧.૭'') ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉનટીગ કરાવ્યા બાદ જિલ્લા રમત ગમત કચેરી ખાતે તા.૨૩/૧૧/૨૦૨૦ થી તા.૧૧/૧૨/૨૦૨૦ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધા માં ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાથી જૂનાગઢ મહાનગરપાલિકા અને જૂનાગઢ ગ્રામ્ય વિસ્તારમાંથી ત્રણ-ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજયકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૧૯/૧૨/૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલાભવન, એલિસ બ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમાં સમગ્ર રાજયમાંથી આવેલ ચિત્રો પૈકી બેસ્ટ -૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજયકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે. રાજયકક્ષાની ચિત્રસ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ. ૧૫,૦૦૦/-, તૃતીય વિજેતાને ૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ. ૫,૦૦૦/- (પ્રત્યેકને) મુજન આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. જિલ્લાકક્ષા સ્પર્ધામાં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા.૧૧/૧૨/૨૦૨૦ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત કચેરી, બ્લોકનં.૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ , જૂનાગઢ ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારીને પહોચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના ફેસબુક આઈ.ડી. – **Dso Junagadhcity** પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# કોરોનાથી બચવા માસ્ક-સામાજિક અંતર જેવી પાયાની વાતોનું અનિવાર્યપણે પાલન કરવાની અપીલ કરતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી



કમલમ દૈનિક,

દાહોદ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો. આર.ડી. પહાડીયાએ કોરોના સામે બચાવ માટે માસ્ક, વારંવાર હાથ ધોવા અને સામાજિક અંતર જાળવવા જેવી પાયાની વાતોનું ચુસ્ત પાલન કરવું ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું છે. તેમણે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે તહેવારો બાદ કોરોના સંક્રમણ વધ્યું હોય આ પાયાની વાતોનું પાલન કરીને કોરોના મહામારીથી બચી શકાય છે. તેમણે જણાવ્યું કે, કોરોનાના કેસોમાં ફરીથી ઉછાળો આવ્યો છે ત્યારે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવાનું છે. આ સમયે જાહેર પરીવહનના સાધનોનો ઉપયોગ કરીને મુસાફરી કરવી પણ જોખમી હોય મુસાફરી કરવાની પણ બને તેટલી ટાળવી જોઈએ. આ સમયે વડીલોની ખાસ કાળજી રાખવી જરૂરી છે. તેમને હોમ આઈસોલેશનમાં રાખી શકાય તો વધુ સારૂ છે. જેથી કરીને તેમને કોરોના સંક્રમણથી બચાવી શકાય. આ સમયે એ ખૂબ મહત્વનું છે કે વ્યક્તિને શરદી-ઉધરસ-તાવ જેવા કોરોનાના કોઈ પણ લક્ષણ જણાય તો તુરત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોનાનો ટેસ્ટ કરાવી લે. કોરોના સામે ટેસ્ટ ઈઝ બેસ્ટ. જેટલી વહેલી તકે આ બિમારીને જાણી શકાશે એટલી જ જલદી ઈલાજ પણ થઈ શકશે અને અન્ય લોકોને ચેપ લાગતા પણ રોકી શકાશે.

# દાહોદમાં માન્ય રાજકીય પક્ષો સાથે બેઠક યોજતું જિલ્લા ચૂંટણી તંત્ર મતદાર યાદીના મુસદા, બૂથ લેવલ એજન્ટની નિમણૂંક અને મતદારયાદી સુધારણા બાબતે ચર્ચા





કમલમ દૈનિક,

દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી અને મતદાન મથકો બાબતે આજે સેવા સદન ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિજય ખરાડીએ બેઠક યોજી હતી. શ્રી ખરાડીએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને માહિતી આપી કે, ગત્ત તારીખ ૯ના રોજ દાહોદ જિલ્લાની મતદાર યાદીનો મુસદો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેની નકલ તમામ માન્ય રાજકીય પક્ષોને મોકલવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે, દાહોદ જિલ્લામાં ૧૬૬૧ મતદાન મથકો આખર કરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૩૮ મતદાન મથકોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૬ મતદાન મથકોને તેના જૂના સ્થાનથી નજીકના અન્ય સ્થાને ફેરવવામાં આવ્યા છે. આવા મતદાર મથકોમાં ઝાલોદ અને લીમખેડામાં ૨-૨, દાહોદમાં સાત, ગરબાડામાં ચાર અને દેવગઢ બારિયા તાલુકામાં એક મથકનો સમાવેશ થાય છે. એજ પ્રકારને કુલ ૨૨ મતદાન મથકો એવા છે કે જેનામાં સ્થળે બીજા ઓરડામાં ફેરવવામાં આવ્યા છે. તેમાં ફતેપુરામાં નવ, દાહોદ અને ગરબાડામાં ૩-૩ અને દેવગઢ બારિયામાં સાત મતદાન મથકોનો સમાવેશ થાય છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ઉમેર્યું કે, તા.૯ની સંકલિત મતદાર યાદીનો મુસદો પ્રસિદ્ધ થવાની સાથે ૦૧-૦૧.૨૦૨૧ની લાયકાતના ધોરણે ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. એટલે કે, એ તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટે અરજી કરી શકશે. તેમણે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મતદારયાદી સુધારણા કાર્યક્રમ બાબતે જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. આ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી ઓનલાઈન સુવિધાની માહિતી પણ આપવામાં આવી હતી. સાથે, મતદાન મથકો દીઠ રાજકીય પક્ષ તરફથી નિમણૂક કરવાના થતાં બૂથ લેવલ એજન્ટ્સ ની ઝડપથી નિમણૂક કરવા માટે જણાવ્યું હતું. અત્રે નોંધવું જોઈએ કે, દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગત્ત રવિવારે બૂથ કક્ષાએ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બીએલઓ પોતાના બૂથ ઉપર આખો દિવસ રહી મતદારો પાસેથી ફોર્મ સ્વીકાર્યા હતા. જેમાં નવા નામ માટે ૬ નંબરના ફોર્મ કુલ ૫૨૩૭, નામ કમી કરાવવા માટે સાત નંબર ફોર્મ કુલ ૬૪૬, મતદાર યાદીમાં સુધારા વધારા માટેના ફોર્મ નંબર ૮ કુલ ૧૦૨૭ અને સ્થળાંતર માટેના કુલ ૧૫ મળી ૭૦૬૧ ફોર્મ રવિવારે તંત્રને મળ્યા છે. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન. જી. કુંપાવત, ભારતીય જનતા પક્ષના શ્રી સુધીરભાઈ લાલપુરવાળા, સીપીએમ તરફથી શ્રી કનુભાઈ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

# અબડાસા તાલુકાના સખીમંડળોએ વાહન ખરીદવા ઓનલાઈન અરજી કરવી





કમલમ દૈનિક, ભુજ

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન **(NRLM)** હેઠળ **AGEY-** આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સાર્વજનિક પરિવહનની સેવાઓ દ્વારા સ્વસહાયજૂથો મહિલાઓને આજીવિકા પૂરી પાડવાનું આયોજન છે. આ યોજના હેઠળ પેસેન્જર વ્હીકલ્સ/ નાના કોમર્શિયલ વાહનો જેની મહત્તમ કિંમત રૂ.૬,૦૦,૦૦૦/- (અંકે રૂ. ૬ લાખ) થી વધુ ન હોય તેવા વાહનો ખરીદવા માંગતા સ્વ-સહાયજૂથો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં રૂ.૨,૦૦,૦૦૦/- (રૂ. બે લાખ)ની વ્યાજ મુકત લોન આપવામાં આવશે, તેમજ ખૂટતી રકમ સ્વ-સહાયજૂથે ગ્રામ સંગઠન/બેંક મારફત નિયત વ્યાજ દરે લોન સ્વરૂપે લેવાની રહેશે. આ યોજના હેઠળ વાહન ખરીદવા ઈચ્છતા અબડાસા તાલુકાના સખીમંડળએ તા.૧૦મી ડિસેમ્બર સુધીમાં **www.glpc.co.in** ના હોમ પેજ પર આપેલ લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમજ અરજીફોર્મ **www.glpc.co.in** પરથી ડાઉનલોડ કરી અરજી ફોર્મ ભરીને હાર્ડકોપીમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ભુજને તા.૧૫મી ડિસેમ્બર સુધીમાં મોકલવાનું રહેશે. લાયકાત ધરાવતા સ્વસહાય જૂથની પસંદગી જિલ્લાકક્ષાની કમિટી દ્વારા કરવામાં આવશે તેવું નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.




## રાજસ્થાનથી બે બાઈક પર થેલામાં ૫૪૭ બોટલો ભરી લાવ્યા : એલસીબી પોલીસને જોઈ જીતપુર ના બે બુટલેગરો બાઈક મૂકી રફુચક્કર



કમલમ દૈનિક, અરવલ્લી

ગાંધીનગર રેન્જ આઈ જી ના આવ્યા બાદ રેન્જ માં આવતા તમામ જિલ્લામાં દારૂની બદી સામે લાલઆંખ કરતા અરવલ્લી જિલ્લાના પોલીસ વડા સંજય ખરાતે પણ જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગ થતી વિદેશી દારૂની હેરાફેરી બંધ કરવા શખ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લામાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતા વાહનો સતત ઝડપાઈ રહ્યા છે જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર ધોંસ વધારતા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના બુટલેગરો હવે બાઈક અને મોપેડ પર શરાબની ખેપ મારી રહ્યા છે એલસીબી પોલીસે માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધરાતા અંધારીવાડ-વાઘપુર ગામના વાંઘામાં બે બાઈક પર વિદેશી દારૂ ભરી આવતા જીતપુરના બે બુટલેગર પોલીસ પેટ્રોલીંગ જોઈ બંને બાઈક વાંઘામાં મૂકી રફુચક્કર થઈ જતા પોલીસે ૮૩ હજારથી વધુનો દારૂ જપ્ત કરી બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. માલપુર તાલુકાના જીતપુર ગામના કાના વાઘભાઈ માલીવાડ અને ભરત ઉર્ફ બોડિયો ભગાભાઈ માલીવાડ નામના શખ્શો રાજસ્થાનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ લાવી વેચાણ કરતા હોવાની બૂમો ઉઠતા અરવલ્લી એલસીબી પોલીસે બંને બુટલેગરો પર વોચ વધારી દીધી હતી ત્યારે કાનો અને ભરત ઉર્ફે બોડિયો રાજસ્થાન તરફથી બે બાઈક પર વિદેશી દારૂની ખેપ મારતા હોવાની માહિતી પ્રાપ્ત થતા માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં અંતરિયાળ માર્ગો પર પેટ્રોલીંગ હાથધરાતા અંધારીવાડ-વાઘપુર ગામના વાંઘામાં બંને બુટલેગર બાઈક પર વિદેશી દારૂ સાથે ઉભા રહી ગયા હતા ત્યારે એલસીબી પોલીસે રેડ કરતા બંને બુટલેગરો એલસીબી પોલીસને થાપ આપી વાંઘામાં બાઈકો મૂકી ફરાર થઈ જતા એલસીબી પોલીસે બંને બાઈકના થેલા અને કોથળામાં રાખેલ બીયર ટીન અને ક્વાંટરીયા નંગ-૫૪૭ કીં.રૂ.૮૩૮૫૦/- નો જથ્થો જપ્ત કરી બંને મોટર સાયકલ મળી કુલ રૂ.૧૨૩૮૫૦ /- નો મુદ્દામાલ કબ્જે કરી બંને બુટલેગરો વિરુદ્ધ માલપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા







## લુણાવાડાના વિવિધ વિસ્તારના હોમ આઈસોલેશન દર્દીઓની મુલાકાત લેતાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના આયુષ તબીબ

### મુલાકાત દરમિયાન તમામને માસ્ક પહેર્યા વગર બહાર ન નીકળવા, સોશિયલ ડિસ્ટન્સીગનું પાલન કરવા અને વારંવાર હાથ ધોવા અંગે સમજ આપવામાં આવી

કમલમ દૈનિક, લુણાવાડા

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર શ્રી આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આમ છતાં પણ હજુ કેટલાંક નાગરિકો સરકાર દ્વારા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વારંવાર જણાવવા અને સમજાવવા માં આવતું હોવા છતાં પણ તેનું પાલન કરતાં નથી. જેનું નાગરિકો દ્વારા પાલન થાય અને કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે મહીસાગર જિલ?લાના અધિક જિલ?લા આરોગ?ય અધિકારી અને લુણાવાડા અર્બન હેલ?થ સેન?ટરના આયુષ તબીબ અને આરોગયની ટીમ દ્વારા લુણાવડાના નગરના વિવિધ વિસ?તારોમાં હોમ આઈસોલેશન કરવામાં આવેલ દર્દીઓના ઘરની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન દરેક દર્દીઓના આરોગ્યની ચકાસણી અને જ્ઁર ની તપાસણી કરવામાં આવી હતી. હોમ આઈસોલેશન ના નિયમોનું ચુસ?તપણે પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત દરેક દર્દીઓને હોમ આઈસોલેશન દરમિયાન કોઈ ગંભીર લક્ષણો જણાઈ આવે તો તાત?કાલિક જનરલ હોસ?પિટલ, લુણાવાડા ખાતે વધુ સારવાર અર્થે પહોંચી જવા માટે પણ જણાવાયું હતું. આ મુલાકાત દરમિયાન સરકાર અને જિલ?લા વહીવટીતંત્ર તરફથી આપવામાં આવી રહેલ સુચનાઓનું પાલન કરવા તથા કામ વગર ઘરની બહાર ન નીકળવા અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે તમામને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સોશિયલ ડિસ્ટન્સીગનું પાલન કરવા અને વારંવાર સાબુ/ સેનેટાઈઝરથી હાથ ધોવા અંગે સમજ આપી સરકારની વિવિધ સુચનાઓનું પાલન કરવા પણ જણાવ્યું હતું.

## બુધરાસણ ગામે મોટા ભાઈના ઘરે જવા નીકળેલ આધેડની ગામના તળાવમાંથી લાશ મળી આવતા ચકચાર







કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં અપમૃત્યુના કેસના બનાવો વધી રહ્યા છે ત્યારે ભિલોડા તાલુકાના બુધરાસણ ગામે ૫ દિવસ અગાઉ ઘરેથી તેમના મોટા ભાઈના ઘરે જવાનું કહી રાત્રે ઘરેથી નીકળેલ આધેડની લાશ ગામના તળાવમાં થી મળી આવતા ભારે ચકચાર મચી હતી લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સ્થાનિક તરવૈયાઓએ આધેડની લાશ બહાર કાઢી હતી બુધરાસણ ગામના આધેડની લાશ તળાવમાંથી મળી આવતા ભિલોડા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પુનાજી અળખાજી ભગોરાની લાશ તળાવમાંથી મળી આવતા અનેક રહસ્યો સર્જાયા છે. બુધરાસણ ગામના પુનાજી અળખાજી ભગોરા (ઉ.વર્ષ-૫૭) તેમના પરિવાર સાથે રહે છે બુધવારે રાત્રે ૮ વાગ્યાના સુમારે ગામમાં જ રહેતા તેમના મોટા ભાઈ જીવાજી અળખાજી ભગોરાના ઘરે જવા નીકળ્યા બાદ ગુમ થઈ જતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથધરી હતી પણ આધેડનો કોઈ અત્તો-પતો લાગ્યો ન હતો ત્યારે રવિવારે સવારે ગામના તળાવમાં પુનાજી ભગોરાની લાશ પાણીમાં ફોગયેલ હાલતમાં જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા આ અંગેની જાણ પરિવારજનો ને થતા દોડી આવ્યા હતા અને ભારે રોકોકકળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી પુનાજી ભાગરોની લાશ તળાવમાંથી મળી આવતા આધેડનું મોત આકસ્મીક કે પછી હત્યા કે આત્મહત્યા કરી સહીત તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું છે ભિલોડા પોલીસે મૃતકના પુત્ર અનીલભાઈ પુનાજી ભગોરાની જાહેરાતના આધારે ગુન્હો નોંધી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## પ્રધાનમંત્રી ૨૫ નવેમ્બરના રોજ લખનઉ યુનિવર્સિટીના શતાબ્દી વર્ષના સ્થાપના દિનની ઉજવણીમાં સહભાગી થશે




કમલમ દૈનિક,


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સાંજના ૫:૩૦ કલાકે લખનઉ યુનિવર્સિટીના ૧૦૦મા સ્થાપના દિવસની ઉજવણીમાં સહભાગી થશે. યુનિવર્સિટીની સ્થાપના ૧૯૨૦માં કરવામાં આવી હતી અને તેનું શતાબ્દી (૧૦૦મુ) વર્ષ ઉજવવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી આ પ્રસંગે યુનિવર્સિટીના શતાબ્દી સ્મરણ સિક્કાનું અનાવરણ કરશે. સમારોહ દરમિયાન ઈન્ડિયા પોસ્ટની વિશેષ સ્મારક ટપાલ ટિકિટ તથા તેનું વિશેષ કવર પણ બહાર પાડશે. આ પ્રસંગે સંરક્ષણ મંત્રી, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે.

# ‘પ્રેસ ડેના ઉપક્રમે વેબિનાર યોજાયો

### અરવલ્લી જિલ્લા માહિતી કચેરી અને પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ‘કોવિડ કાળમાં મીડિયાની ભૂમિકા અને મીડિયા પર તેની અસરો પર તજજ્ઞ વક્તાઓ દ્વારા રસપ્રદ વાર્તાલાપ યોજાયો

### કોરોના કાળમાં લોકોના બેજવાબદાર વલણને સુધારવાનું કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે – ગાંધીનગર સિવિલના ડો. સેસિલ પરમાર







### જવાબદારી, જાણકારી, જીજ્ઞાસા, જહેમત અને જનૂનના પાંચ જ મંત્રને ધ્યાનમાં રાખવાથી અખબારી લેખનની ગહનતા અને વાંચન વિશાળતા વધશે

કમલમ દૈનિક, અરવલ્લી

‘પ્રેસ ડેના ઉપક્રમે પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને પ્રેસ અકાદમી, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે ‘કોવિડ કાળમાં મીડિયાની ભૂમિકા અને મીડિયા પર તેની અસરો વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષઃ ૧૯૬૬માં પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ તેના ઉપલક્ષ્યમાં પ્રતિવર્ષ ‘પ્રેસ ડે’નું આયોજન દેશભરમાં કરવામાં આવે છે. પ્રતિવર્ષ સેમિનારનું આયોજન કોઈ હોલ કે જાહેર જગ્યા પર પત્રકાર કે પત્રકારત્વના વિદ્યાર્થીઓને એક જગ્યા પર એકત્ર કરીને કરવામાં આવે છે.

પરંતુ વર્તમાન કોરોનાની સ્થિતિમાં સોશિયલ ડીસ્ટન્સિંગ જળવાય તથા એકસાથે વધુ લોકોને સાંકળી શકાય તેવા ઉદેશથી ટેકનોલોજીના સમન્વયથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચન કરતા ગાંધીનગર સિવિલના ડો. સેસિલ પરમાર કે જેમણે કોરોનામાં મેડિસિનના કોમ્બિનેશનનો પ્રયોગ કર્યો હતો તેમણે કહ્યું કે, કોરોના ફેફસાં, કીડની અને હાથ-પગની નસોને પણ નુકસાન કરે છે. તેમણે કહ્યું કે, કોરોના ગંભીર છે, તેના કરતા લોકોની બેજવાબદારી કે બેજવાબદાર પૂર્વકનું વલણ વધુ જવાબદાર છે.

આવા વલણોને સુધારવાનું કે તેની કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે.

તેમણે કહ્યું કે, કોરોના વિશેની સમજણ જેટલી લોકોમાં વધશે તેટલી જ તેની તિવ્રતા ઘટશે. ચેતતા નર સદા સુખીના ન્યાયે કોરોના બાબતે નિષ્કાળજી ભયંકર પરિણામ લાવી શકે છે. તેમણે વેબિનારમાં પૂછાયેલાં માનસિક તાણ વિશેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, લોકોમાં જેટલી કોરોના વિશેની જાગૃતિ હશે તેટલો જ કોરોનાનો હાઉ ઓછો થશે અને તેની માનસિક તાણમાં પણ ઘટાડો થશે. પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવશ્રી અને માહિતી ખાતાના અધિક માહિતી નિયામકશ્રી પુલકભાઈ ત્રિવેદીએ ‘પ્રેસ ડે’ની શુભકામના પાઠવતા વેબનારની શરૂઆત કરાવતાં જણાવ્યું કે, ‘પ્રેસ ડે ની ઉજવણી પ્રેસની આઝાદી અને પ્રેસના ઉત્તરદાયિત્વને પ્રતિધ્વનિત કરે છે. તેમણે કહ્યું કે, કોરોનાથી સમગ્ર વિશ્વ પ્રભાવિત છે, તેનાથી મીડિયા પણ બાકાત નથી. મીડિયા સમાજને જાગૃત કરવાનું સશક્ત અને સબળ માધ્યમ છે, ત્યારે કોરોનાના આ સમયમાં મીડિયાની જવાબદારી વિશેષ વધી જાય છે. જવાબદારીપૂર્વકના અખબારી લેખન વખતે જો જવાબદારી, જાણકારી, જીજ્ઞાશા, જહેમત અને જનૂનનું ધ્યાન રાખવામાં આવે તો લખાણની ગહનતા અને ઊંડાણ વધવા સાથે વાંચનની વિશાળતા પણ ચોક્કસ વધી જાય છે

તેમ પાંચ ‘જ નો મંત્ર આપતા તેમણે કહ્યું કે, પત્રકાર તરીકે સામાન્ય માણસ કરતા વધુ સજ્જતા, સમાજ માટેની સંવેદનશીલતા, ખંતથી મહેનત સાથેની વિશ્લેષણયુક્ત માહિતીથી લોકોને વધુ જાગૃત કરવા માટે પત્રકારોની કોરોનાના આ સમયગાળામાં ખૂબ જરૂર છે. તેમણે ઉમેર્યું કે, કોરોના થાય તો શું કરવું? તેની સારવાર ક્યાં થઈ શકશે? વગેરે પ્રશ્નો વિશેની સ્ત્રોત સાથેની માહિતી સમાજ સમસ્ત સુધી પહોંચે તે માટે આધારભૂત માહિતી, જરૂરી ડેટા, સંદર્ભ અને ચાર્ટ સાથેની માહિતી સમાજને મળે તો તે ખૂબ ઉપયોગી બની શકે તેમ છે. આ સમયગાળામાં પત્રકારત્વ જગત સાથે માહિતી ખાતાના કર્મયોગીઓએ પણ પોતાની જાતની પરવા કર્યા સિવાય જે કામથી કર્મયોગ કર્યો છે કે તેની તેમણે સરાહના કરી હતી. વરિષ્ઠ પત્રકારશ્રી ભાર્ગવભાઈ ત્રિવેદીએ કોરોનાના કાળમાં માહિતી ખાતા તરફથી કોરોના તથા કોરોનાની કાળજી માટે અઢળક સ્ટોરી થઈ છે.

તેમણે બદલાઈ રહેલી તરાહ તથા વિદેશમાં તેના પર થઈ રહેલા સંસાધનોનો આપણાં દેશમાં કેવી રીતે સાયુજ્ય સાધીને ઉપયોગ થઈ શકે તે પ્રકારના સંશોધનાત્મક લેખોની અનિવાર્યતા તથા અગત્યતા વ્યકત કરી હતી. દુનિયામાં રિએકટ-૨, વાયરલ પ્રોટીન પર કામ થઈ રહ્યું છે. તો તેની સરળ ભાષામાં સમજૂતી આપતી સ્ટોરીથી લોકોના માનસિક પરિતાપ ઘટાડવામાં મદદ મળશે તેમ તેમણે જણાવ્યું હતું.ગુજરાત વિદ્યાપીઠના પત્રકારત્વના વિભાગના અધ્યાપિકા શ્રીમતી પુનિતાબેન હર્ણેએ મુદ્રિત તથા ઈલેક્ટ્રોનિક માધ્યમોની હકારાત્મકતા, નકારાત્મકતા, વલણ વિશેની વિશદ ચર્ચા કરી તેની ઉપયોગીતા વર્ણવી હતી.

અમદાવાદના નાયબ માહિતી નિયામકશ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાયે કોરોનાની વિભિષિકા તથા પોતે તેનાથી સંક્રમિત થયા પછી પોતાની હકારાત્મક માનસિકતા વિશે જણાવી ‘મને કંઈપણ થઈ શકે છે અને કોરોના થયાં પછી મને કંઈ નહીં થાય’ની તે વચ્ચેની યાત્રા યાતના ન બની રહે તે માટે હકારાત્મક માનસિકતા ખૂબ જરૂરી છે તેના વિશે સમજણ આપી હતી. પ્રાદેશિક કક્ષાએથી યોજાયેલ વેબિનારમાં પ્રાદેશિક માહિતી કચેરી, અરવલ્લી સહિત અન્ય જિલ્લાના પત્રકારશ્રીઓ, પત્રકારત્વના વિદ્યાર્થીઓ તથા માહિતી ખાતાના અધિકારીઓ-કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

## ગુજરાત ગૌરવ દિન નિમિત્તે મહીસાગર જિલ્લા કક્ષાની કોરોના વૉરિયર્સ વિષય પર યોજાયેલ ચિત્ર,કાવ્ય અને નિબંધ સ્પર્ધાના ૧૮ વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરાયા





કમલમ દૈનિક, લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોરોનાને કારણે ગુજરાત સરકાર દ્વારા પહેલી મેં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કોરોના વૉરિયર્સ વિષય પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી દ્વારા પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ચિત્ર,નિબંધ અને કાવ્ય સ્પર્ધાનું આયોજન કરી અનોખી રીતે કરવામાં આવી હતી આ સ્પર્ધામાં મહીસાગર જિલ્લા કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા વિદ્યાર્થીઓના નામ જાહેર થતા કોવિડ-૧૯ ની ગાઈડ લાઈનને અનુસરીને પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ મળી ૧૮ વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી દશરથભાઈ બારીયાના અધ્યક્ષ સ્થાને અને સંતરામપુરના ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડીંડોરના અતિથી વિશેષ પદે આયોજિત કાર્યક્રમમાં પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પહેલી મે ગુજરાત સ્થાપના દિવસ ગુજરાત ગૌરવ દિનની ઉજવણી ગુજરાત સરકાર દ્વારા ધામધૂમ પર્વક કરવામાં આવતી હોય છે પરંતુ આ વર્ષે વૈશ્વિક મહામારી કોરોનાને કારણે ગુજરાત સરકાર દ્વારા પહેલી મેં ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી લોકડાઉન દરમ્યાન અનોખી રીતે કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા સ્થાપના દિવસ નિમિત્તે કોરોના વૉરિયર્સ વિષય પર પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું હતું જેમાં મહીસાગર જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિકમાં અભ્યાસ કરતા ૧૦ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૩થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ માં ૦૬ વિદ્યાર્થીઓ, નિબંધ સ્પર્ધામાં ધોરણ ૩થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ માં ૦૬ વિદ્યાર્થીઓ, કાવ્ય સ્પર્ધામાં ધોરણ ૩થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ માં ૦૬ વિદ્યાર્થીઓ આમ ત્રણેય સ્પર્ધામાં ૧૮ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા જેમાં જિલ્લા કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં ધો-૦૩ થી ૦૮માં પ્રથમ નંબરે અક્ષુ પટેલ, બીજા નંબરે દક્ષમીબેન વેકરીયા, ત્રીજા નંબરે અંકુરભાઈ વાળંદ, ધો-૦૯ થી ૧૨ માં પ્રથમ નંબરે રિદ્ધિ જોશી, બીજા નંબરે કેશાબેન મહેતા, ત્રીજા નંબરે અલીસા મિસ્ત્રી, નિબંધ સ્પર્ધામાં ધો-૦૩ થી ૦૮ માં પ્રથમ નંબરે પવન ભુનેતર, બીજા નંબરે મહેશ્વરી ઠાકોર, ત્રીજા નંબરે દામીનીબેન પરમાર, ધો-૦૯ થી ૧૨ માં પ્રથમ નંબરે પીક્રાબેન રજાત, બીજા નંબરે હર્ષરાજ રાઠોડ, ત્રીજા નંબરે સાબીયા મેતરાલવાલા જ્યારે કાવ્ય સ્પર્ધામાં ધો- ૦૩ થી ૦૮ માં પ્રથમ નંબરે હેલી પટેલ, બીજા નંબરે ક્રિષ્ના પ્રજાપતિ, ત્રીજા નંબરે પુષ્પા ચૌહાણ જ્યારે ધો-૦૯ થી ૧૨ માં પ્રથમ નંબરે અર્ચિતા પટેલ, બીજા નંબરે યસ પટેલ અને ત્રીજા નંબરે ક્રિષ્ના ભાવસાર, પ્રથમ વિજેતા વિધાર્થિઓને ૧૫ હજારનો ચેક આપી તેમજ બીજો નંબર મેળવનાર વિજેતા ને ૧૧ હજાર રૂપિયા અને ત્રીજો નંબર મેળવનાર વિજેતાને ૫ હજાર રૂપિયાનો ચેક સંતરામપુર ડાયટ ખાતે મહાનુભાવોના હસ્તે અને ડાયટ પ્રચાર્ય ડો. એ.વી.પટેલ ઉપસ્થિતિમાં આપી વિજેતા વિધાર્થિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વેરાવળની પિડિત મહિલાનું તેના પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ મહિલા અભિયમની ટીમ

કમલમ દૈનિક, સોમનાથ

વેરાવળની પિડિત મહિલાએ વેરાવળ ૧૮૧ મહિલા અભિયમની ટીમને કોલ કરી સહયોગ માંગતા ઓ.આર.સી.મમતાબેન, કોન્સ્ટેબલ જિજ્ઞાબેન અને પાયલોટ અર્જુનભાઈ સોલંકીની ટીમ તુરંત સ્થળ પર પહોંચી મહિલાની મદદ કરી હતી. પિડિત મહિલાએ ૧૮૧ની ટીમને જણાવ્યું હતું કે મારા પતિ દ્વારા ત્રાસ આપતા તેઓ તેમના માવતરે આવી ગયા હતા. બાદમાં ૧૮૧ની ટીમે તેમના પતિ અને પિડિત મહિલાના માતા-પિતા સાથે સમાધાન કરી લેખિત બાંહેધરી અપાવી હતી. બાદ ૧૮૧ની ટીમે પિડિત મહિલાનું તેમના પરિવાર સાથે સુખદ સમાધાન કરી મિલન કરાવ્યું હતું.

